દાખલ તારીખ. ૦૮–૦૭–૨૦૨૧
નોંધ્યા તારીખ. ૦૮–૦૭–૨૦૨૧
ફેંસલ તારીખ. ૧૨–૦૩–૨૦૨૬
સમય મર્યાદા વર્ષ માસ દિવસ
૦૪ – ૦૮ – ૦૪

सत्यमेव जयते

**થરાદના મહે. એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, કુ. એ.એચ.મુન્દ્રા સાહેબની કોર્ટમાં, મુ. થરાદ.**

**ક્રિમીનલ કેસ નં.૭૭૦/૨૦૨૧**
**આંક–૧૦**

**ફરિયાદી :– શ્રી સરકાર,**

**–// વિરૂદ્ધ //–**

**આરોપી :– શંકરલાલ રામારામ વિશ્નોઈ,**
**રહે. ચંપાબેરી, તા.સેડવા, જી.બાડમેર, રાજસ્થાન.**

**તહોમત :– ધી પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫(એ)(ઈ), ૯૮(૨),૧૧૬(૨), ૮૧ તથા ઈ.પી.કો.કલમ –૪૬૭,૪૭૧, ૪૨૭ મુજબ.**

**ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી આર.એમ.ગામીતી**

**આરોપી પક્ષે વિ.વકીલશ્રી નથી.**

**–// જ જ મે ન્ટ //–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે મહેન્દ્રા કંપનીની બોલેરો ગાડી રજીસ્ટ્રેશન નંબર જીજે–૧૨– ડીએસ–૪૬૫૩ માં ગાડીનો ચાલકે ગે.કા વગર પાસપરમીટનો ભારતીય બનાવટનો પરપ્રાંતીય અલગ અલગ બ્રાન્ડનો દારૂ ની બોટલ તથા ટીન બીયરની બોટલો કુલ નંગ–૧૫૦૭ કી રૂ.૧,૫૦,૭૦૦/–નો મુદ્ધામાલમાં રાખી ખોટી નંબર પ્લેટ લગાવી હેરાફેરી કરી તથા જી.ઇ.બી ના ઇલેક્ટ્રીક થાભલાને ગાડી અથડાવી નુકસાન કરી ચાલક તહોમતદારે ગાડી મુકી નાસી જઈ ગુનો કરેલ છે.

(૨) આ કામના ફરીયાદીએ થરાદ પોલીસ સ્ટેશન પાર્ટ સી. ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૦૨૦૦૮૪૧/૨૦૨૦ થી ગુનો રજીસ્ટર્ડ કરી તપાસને અંતે આરોપી વિરૂદ્ધ ધી પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫એઈ, ૯૮(૨), ૧૧૬(બી), ૮૧ તથા ઈ.પી.કો.કલમ–૪૬૭, ૪૭૧, ૪૨૭ મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૩) સદર કામે આંક–૧ નીચે હુકમ કરી સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ અન્વયે આરોપીઓની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરેલ હોય. ત્યારબાદ કામ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવાઓ રજૂ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા:–</u>**

૧. આંક– ૦૩ થી ફરીયાદી અમરતભાઈ હાથીભાઈની જુબાની
૨. આંક– ૦૭ થી પંચસાહેદ લાખાભાઈ ખેમાભાઈ રબારીની જુબાની

૩. આંક– ૦૮ થી પંચસાહેદ દિલીપભાઈ ખોડાભાઈ રબારી ની જુબાની

૪. આંક– ૦૯ થી ત.ક.અ.શ્રી હરદિપસિંહ રણજીતસિંહ પઢીયાર ની જુબાની

**<u>દસ્તાવેજી પુરાવા:–</u>**

૧. આંક–૦૪ થી ફરીયાદ

૨. આંક–૦૫ રીકવરી પંચનામું

ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવો બંધ કરવામાં આવેલ છે. આરોપી નાશતા ફરતા હોય અને હાજર રહેતા ન હોય તેમની સામે સી.આર.પી.સી.ની.કલમ–૨૯૯ અન્વયે કાર્યવાહી ચલાવવાનો હુકમ કરતાં સદર આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામે મહેન્દ્રા કંપનીની બોલેરો ગાડી રજીસ્ટ્રેશન નંબર જીજે–૧૨– ડીએસ–૪૬૫૩ માં ગાડીનો ચાલકે ગે.કા વગર પાસપરમીટનો ભારતીય બનાવટનો પરપ્રાંતીય અલગ અલગ બ્રાન્ડનો દારૂ ની બોટલ તથા ટીન બીયરની બોટલો કુલ નંગ–૧૫૦૭ કી રૂ.૧,૫૦,૭૦૦/–નો મુદ્દામાલમાં રાખી ખોટી નંબર પ્લેટ લગાવી હેરાફેરી કરી તથા જી.ઇ.બી ના ઈલેક્ટ્રીક થાભલાને ગાડી અથડાવી નુકસાન કરી ચાલક તહોમતદારે ગાડી મુકી નાસી જઈ ધી પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫એઈ, ૯૮(૨), ૧૧૬(બી), ૮૧

તથા ઈ.પી.કો.કલમ–૪૬૭, ૪૭૧, ૪૨૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે**?**

૨. શું હુકમ **?**

**(૬)** ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ

ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે.

–૦ કારણો ૦–

**મુદ્દા નં. ૧:–**

ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નિર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે કે, ફરીયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે.

**(૭)** સદર કામે આંક– ૫ થી રજૂ મુદ્દામાલ રીકવરીના પંચનામાના પંચ સાહેદ લાખાભાઈ ખેમાભાઈ રબારીને આંક–૭ થી તથા પંચસાહેદ દિલીપભાઈ ખોડાભાઈ રબારી ને આંક–૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું પંચ સાહેદો મુદ્દામાલ રીકવરી પંચ સાહેદો છે. આ પંચ સાહેદો સ્વતંત્ર અને તટસ્થ પંચસાહેદો છે અને ફરીયાદ પક્ષના કેસ મુજબ આ પંચ સાહેદોની રૂબરૂમાં મુદ્દામાલ રીકવરી પંચનામું કરેલ. જ્યારે સદર પંચ સાહેદનો કોર્ટ રૂબરૂનો પુરાવો વંચાણે લઈએ તો તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે સહી કરવાનું કહેતા તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી અને પંચનામા વિશે તેઓ કશું જાણતા નથી. આમ

સદર સાહેદો ફરીયાદપક્ષના કેસને પાયામાંથી જ સમર્થન આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી મૌખિક વિનંતિથી ફરી ગયેલા જાહેર કરી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, પરવાનગી ગ્રાહ્ય રાખતા ઉલટતપાસમાં પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ જ હકીકત બહાર આવેલ નથી. આમ, સદર સાહેદના પુરાવા થકી ફરીયાદ પક્ષ આંક–૫ ના પંચનામાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, આ કામે પંચસાહેદની રૂબરૂમાં મુદ્દામાલ રીકવરી પંચનામું કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી.

(૮) આ કામે આંક–૦૩ થી ફરીયાદી અમરતભાઈ હાથીભાઈ ને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૨૪.૦૯.૨૦૨૦ ના રોજ હું આર.આર.સેલ. ભુજ ખાતે પો.કો.તરીકે ફરજ ઉપર હતો તે દરમિયાન અમો તથા અ.હેડ.કોન્સ. ભુરાજી નાગજીભાઈ તથા પો.કો પ્રકાશચંદ્ર અમૃતલાલનાઓ સાથે થરાદ પો.સ્ટે. વિસ્તારમાં માંગરીલ પીલુડા હાઈવે ઉપર પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે એક બોલેરો સફેદ કલરની ગાડી પીલુડા તરફથી થરાદ તરફ શંકાસ્પદ હાલતમાં આવી રહેલ છે જે હકીકત મળતા વોચમાં રહેલા દરમ્યાન મંદરે હકીકત વાની બોલેરો ગાડી પીલુડા તરફથી આવતી હોઈ ખાનગી વાહન આડાશમાં મુકી હાથથી સદરે ગાડી ઉભી રખાવવા ઈશારો કરતાં સદરે બોલેરો ગાડીના ચાલકે નાકાબંધી જોઈ તેનું વાહન થોડે દુરથી પરત પીલુગ તરફ લગાડેલ જેથી સદરે વાહનનો ખાનગી વાહનથી પીછો કરતાં સદરે બોલેરો ગાડીના ચાલકે પોતાની ગાડી પીલુડા ત્રણ રસ્તાથી નારોલી તરફ જતા રોડ ઉપર ભગાડેલ તે દરમ્યાન પીછો ચાલુ હોઈ અને રોડ ઉપર સામેથી પશુઓ તથા વાહનો રોડ ઉપર આવતા હોઈ ચાલકે અચાનક પોતાની ગાડી નું કાબુ ગુમાવતા સુંદરે બોલેરો ગાડી રોડની જમણી બાજુ બાવળીયાની જાડીમાં ઉત્તરી ગયેલ અને ઈલેકટ્રીકના થાંભલા સાથે અથડાયેલી અને સદરે બોલેરો ગાડીમાંથી તેનો ચાલક બાવળીની જાડીવાળા ગૌચર માથી ખેતરો તરફ ભાગી ગયેલ અને જેનો પીછો કરતા પકડાયેલ નહી

કે ઓળખાયેલ નહી અને પરત સદરે બોલેરો ગાડી નજીક આવી અંદર જોતાં ખાખી પુઠાની પેટીઓ વચ્ચે ની શીટમાં તેમજ પાછળની સીટમાં ગોઠવેલ હોય જે શંકાસ્પદ હોઈ બોલેરો ગાડીની જડતી તપાસ કરવાની હોઈ નજીક માંથી બે રાહદારી પંચો બોલાવી પંચોને હકીકત થી વાકેફ કરી સદરે ગાંડીમાં પંચો રૂબરુ જડતી તપાસ કરતાં સદરે ગાડીમાંથી આગલની માલી સાઈડની સીટ નીચેથી તથા વચ્ચેની સીટમાંથી તથા ગાડીની પાછળની સીટો પાસેથી ખાખી કલા પુઠા ની પેટીઓ તેમજ છુટી કાચની બોટલો તથા ટીન બીયરની બોટલો સદરે પેટીઓમાં તપાસ કરતાં તથા છુટી બોટલો નીચે ઉતારી જોતાં ભારતીય બનાવટનો પરપ્રાંતીય દારૂ હોઇ અને જે તપાસ અર્થે કબજે કરવાનો હોઈ સાથે ના આપો.કો પ્રકાશચંદ્ર નાઓને સાથે ના અ.હે.કોન્સ ભુરાજીના રીપોર્ટ સાથે સીલ મેળવવા મોકલી આપેલ અને સાથેના પો.કો થરાદ પો.સ્ટે થી મુદ્દામ માણસ ચીબ લઈ આવતા સદરે બોલેરો ગાડીમાંથી પંચો રૂબરૂ ખાખી કલરની પુઠાની પેટીઓ તેમજ છુટી કાચની બોટલો તેમજ ટી બીચર નીચે ઉતારી બ્રાન્ડ વાઈજ ગણી જોતાં બોટલ નંગ-૧૫૦૭, કિ.રૂ.૧૫૦૭૦૦/-નો મળી આવતાં તપાસના કામે કબજે લીધેલ. જે ગાડીની માલીકી બાબતે ઇ ગુજ કોપ માં ઓનલાઇન સર્ચ કરી જોતાં સદરે ગાડીને લગાવેલ આર.ટીઓ રજી નંબર સાથે એન્જીન નંબર તથા ચેચીસ નંબર મેચ થતા ના હોઇ અને ગાડીમાં તપાસ કરતાં એક છુટી નંબર પ્લેટ અંગ્રેજીમાં લખેલ મળી આવેલ જે જોતાં આર.જે ૦૪ ટી.એ ૫૦૯૫ ની હોઈ જે ઇ ગુજ કોપ માં ઓનલાઇન સર્ચ કરી જોતાં એન્જીન નંબર તથા રોચીસ નંબર મેચ થતા હોઈ જે ગાડીનો સાચો નંબર જણાઈ આવતા જેના માલીક નું નામ શંકરલાલ સમારામ રહે. ચમ્પા બેરી બામરલા તા. ચોટન ડિ. બારમેર વાળા ના નામે એકશન થયેલ નુ જણાઈ આવેલ છે. જે નંબર પ્લેટ કિ.રૂ 00 ની ગણી તપાસ અર્થે કબજે કરેલ છે. તેમજ સદરે ગાડી બાવળોની જાડીમાં ઘુસી જવાના કારણે સદરે ગાડીનો મેઈન કાચ તેમજ ખાલી સાઇડનો આગળના દરવાજાનો કાચ ફુટી ગયેલ છે તેમજ જી.ઈ.બી ના ઇલેકટ્રીક થાભલાને ગાડી અથડાવવાના કારણે નુકસાન થયેલ છે. જે મતલબનું વિગતવારનું પંચનામું સાથેના હેડકો ભુરાજી નાઓ એ

તા. ૨૪/૦૯/૨૦૨૦ ના ૬,૦૯/૧૫ થી.૧૧/૦૦ સુધી કરી લીધેલ છે. ત્યારબાદ શ્રીસરકાર તરફે અમોએ ફરીયાદ આપેલી. મને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક -૪ આપવામાં આવે છે. આરોપીને હું ઓળખું છું જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે. મને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે તેમાં પંચો તથા રૂબરૂ તરીકે અ.હે.કો.ભુરાજી નાગજીભાઈની સહી છે જેઓ હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક-૫ આપવામાં આવે છે.

**(૯)** આ કામે આંક- થી ત.ક.અ. હરદિપસિંહ રણજિતસિંહ પઢીયાર નાઓને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, " સને-૨૦૨૧ ની સાલમાં અમો માવસરી પો.સ્ટે. પી.એસ.આઈ.તરીકે અમારી ફરજ ઉપર હતો તે સમય દરમિયાન થરાદ પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૧૯૫૦૫૦૨૦૦૮૪૧, પ્રો.હી.એક્ટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(૨), ૯૮(૨), ૮૧ તથા ઈ.પી.કો.કલમ-૪૬૭, ૪૭૧, ૪૨૭ મુજબના ગુનાની તપાસ અમારા તરફ ડેપ્યુટ કરતાં અમોએ તપાસ સંભાળી લીધેલી. તપાસ સંભાળી લીધા બાદ લાગતાં-વળગતાં સાહેદોના નિવેદનો લીધેલાં. આ કામના આરોપી મળી આવતાં તેઓને ગુનાના કામે અટક કરી નામ.કોર્ટમાં રજુ કરેલ. ત્યારબાદ તપાસના કામે મળેલાં કાગળોનો અભ્યાસ કરતાં આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીને હું ઓળખુ જેઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી.

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષ તરફે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદી, ત.ક.અ. તથા અન્ય સાહેદો પોલીસ કર્મચારી છે અને ફરીયાદીએ આ કામની ફરીયાદ આપેલ છે. આ કામે ફરીયાદી તથા ત.ક.અ.ને તપાસેલ છે. તેઓએ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થનકારી હકીકતો તેમના પુરાવામાં જણાવવાનો પ્રયત્ન કરેલ છે, પરંતુ આ સાહેદ રસ ધરાવતા સાહેદ છે, રસ ધરાવતા સાહેદનો પુરાવો ન માનવો તેવો કાયદાનો કોઈ

સ્થાપિત સિદ્ધાંત નથી, પરંતુ આવા સાહેદના પુરાવાને સ્વતંત્ર અને તટસ્થ સાહેદના પુરાવાથી સમર્થન મળવું આવશ્યક છે અને આવા સાહેદના પુરાવાનું મુલ્યાંકન  ખૂબ જ ઝીણવટભરી રીતે કરવું જોઈએ તેમજ આ કામે કોઈ જ સ્વતંત્ર સાહેદોને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ નથી તેમજ ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ જે કહેવાતી જગ્યાએ મુદ્દામાલ રીકવરી કરવામાં આવેલ છે, તેનો કોઈ આધારભૂત પુરાવો ફરીયાદ પક્ષે કબજે કરેલ નથી કે રેકર્ડ ઉપર રજુ કરેલ નથી.

(૧૧) આમ, ઉપરોક્ત ફરીયાદી તથા ત.ક.અ. ના મૌખિક પુરાવાને સ્વતંત્ર પંચ સાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં પણ નિષ્ફળ નિવડેલ છે અને હાલના કેસમાં મહત્વના અને ચાવીરૂપ પંચસાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી તેમજ ફરીયાદ પક્ષે તેમનો કેસ સાબીત કરવા માટે કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો લીધેલ નથી. ઉપરોક્ત પોલીસ સાહેદની જુબાનીને સ્વતંત્ર પંચ સાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું ન હોય ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં પણ નિષ્ફળ નીવડેલ છે અને હાલના કેસમાં મહત્વના અને ચાવીરૂપ પંચસાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી.

(૧૨) આ કામે ફરીયાદી તથા ત.ક.અ.નો પુરાવો જોતાં સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતાં આ કામે તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના તપાસ કરનાર અમલદારે નિવેદન લીધેલ નથી અને ન લેવા અંગે કોઈ વ્યાજબી ખુલાસો તપાસ કરનાર અમલદારની જુબાની દરમ્યાન કરવામાં આવેલ નથી, તેથી પણ ફરીયાદ પક્ષના કેસ બાબતે શંકા ઊભી થાય છે.

(૧૩) આ ઉપરાંત સદર કામનો મુદ્દામાલ એફ.એસ.એલ.માં તપાસણી સારૂ મોકલવામાં આવેલ નથી તેનું રવાનગી પત્રક કે એફ.એસ.એલ. સર્ટીફીકેટ આ કામે ફરીયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ નથી અને તે

અંગેનો કોઈ વ્યાજબી ખુલાસો આ કામના તપાસ કરનાર અમલદારે તેઓની જુબાનીમાં કરેલ નથી, તેથી પણ ફરીયાદ પક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉભી થાય છે.

**(૧૪)** આ કામે ફરીયાદ પક્ષ તરફે અન્ય કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આમ, આ કામે આગળ ચર્ચા કરી તે મુજબ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ કે જેઓ સ્વતંત્ર અને તટસ્થ સાહેદ છે, તેઓએ ફરીયાદ પક્ષના કેસને પાયામાંથી સમર્થન આપેલ નથી. વધુમાં આ કામે આંક–૦૧ નું ચાર્જશીટ જોતાં તેમાં પોલીસ કર્મચારીઓ સાહેદ તરીકે દર્શાવેલ છે તેમજ કહેવાતો મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ અને સભાન કબજામાંથી મળી આવેલ હોવાનું ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવું પડે. અન્ય કોઈ પુરાવો ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ નથી. આમ, ફરીયાદ પક્ષ મુદ્દામાલ રીકવરી પંચનામાની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે તમામ સંજોગોમાં આ કામે મહેન્દ્રા કંપનીની બોલેરો ગાડી રજીસ્ટ્રેશન નંબર જીજે–૧૨–ડીએસ–૪૬૫૩ માં ગાડીનો ચાલકે ગે.કા વગર પાસપરમીટનો ભારતીય બનાવટનો પરપ્રાંતીય અલગ અલગ બ્રાન્ડનો દારૂ ની બોટલ તથા ટીન બીયરની બોટલો કુલ નંગ–૧૫૦૭ કી રૂ.૧,૫૦,૭૦૦/–નો મુદ્દામાલમાં રાખી ખોટી નંબર પ્લેટ લગાવી હેરાફેરી કરી તથા જી.ઇ.બી ના ઈલેક્ટ્રીક થાભલાને ગાડી અથડાવી નુકસાન કરી ચાલક તહોમતદારે ગાડી મુકી નાસી જઈ ધી પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫એઈ, ૯૮(૨), ૧૧૬(બી), ૮૧ તથા ઈ.પી.કો.કલમ–૪૬૭, ૪૭૧, ૪૨૭ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## – // હુકમ // –

**(૧)** ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે શંકરલાલ રામારામ વિશ્નોઈ, રહે. ચંપાબેરી, તા.સેડવા, જી.બાડમેર, રાજસ્થાન વાળાને ધી

પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫એઈ, ૯૮(૨), ૧૧૬(બી), ૮૧ તથા ઈ.પી.કો.કલમ–૪૬૭, ૪૭૧, ૪૨૭ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલ વાહન અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા સદર મુદ્દામાલની ખરાઈ કરી તેના મુળ માલીકને અપીલ સમય બાદ પરત કરવો તથા અન્ય પ્રોહીબીશન મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવો.

**(૩)** ક્રિ.પ્રો.કોડની કલમ– ૪૩૭(એ) મુજબ આ કામના આરોપીના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૨, માહે– માર્ચ, સને–૨૦૨૬ ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૬
થરાદ.

(કુ. એ.એચ.મુન્દ્રા)
એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, થરાદ.
GJ–01010